

ओ३म्
।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# आर्य वैदिक दर्शन
# ARYA VEDIC DARSHAN
# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.3 Issue 1, APRIL 2019 Ahmedabad, (Gujarat)
Page : 32, Rs. 100 Annual



## લલ્લુભાઈ પુરુષોતમભાઈ કંસારા

નવસારી નિવાસી લલ્લુભાઈ કંસારા નાનપણથી જ તેજસ્વી હતાં. આર્યસમાજના વિદ્વાનોના સંપર્કમાં આવતા વૈદિક વિચારોથી પ્રભાવિત થયા અને આર્યસમાજથી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા લાગ્યાં. ઘણાં વર્ષો સુધી નવસારી સુધરાઈના સભ્ય રહ્યાં. સુરત કોંગ્રેસ અને બંગભંગની ચળવળમાં ભાગ લીધો. સમાજની કુરૂઢિઓ સામે બંડ પોકાર્યું. મનોમંથન નામે માસિક પત્રિકા પણ શરૂ કરી. ગુરુકુળો, હિન્દુ મહાસભા, શુદ્ધિ કાર્ય, ગરીબ વિદ્યાર્થી સહાય, નવસારી સ્મશાન ભૂમિ, હરિજન સેવા વગેરેમાં તન-મન-ધનથી સેવા આપી.

## "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ : (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામ : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में

सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૨૦

વિક્રમ સંવત: ૨૦૭૫

વર્ષ:૩ (સળંગ વર્ષ ૩૮)

અંક : ૧, એપ્રિલ ૨૦૧૯

સંપાદક: સુરેશચંદ્ર આર્ય

મોબાઇલનં.: ૯૮૨૪૦૭૨૫૦૯

સહસંપાદક: હસમુખ પરમાર

મોબાઇલનં. ૯૮૭૯૩ ૩૩૩૪૮

વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર

મોબાઇલનં. ૯૦૩૩૦ ૩૧૧૪૬

પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા

પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,

ત્રણ હાટડી, ટંકારા.

મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,

૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,

જવાહર રોડ, રાજકોટ.

ફોન: ૦૨૮૧-૨૨૩૪૫૬૫

લવાજમ દર:

વાર્ષિક: રૂા. ૧૦૦/-

દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-

ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-

આજીવન: (૧૦વર્ષ) રૂા. ૮૦૦/-

૧ પ્રત : રૂા. ૧૦/-

આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.

Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

अपां समीपे नियतो नैत्यकं विधिमास्थितः।
सावित्रीमप्यधीयीत गत्वाऽरण्यं समाहितः॥

જંગલમાં અર્થાત્ એકાંતમાં જઇ, સાવધાન થઇને, નિત્યચર્યાનું અનુષ્ઠાન કરીને અર્થાત્ નિત્યકર્મોની સમાન અનિવાર્ય રૂપથી કરીને, જળ સમીપ સ્થિત થઇને કર્મ કરતાં સાવિત્રી અર્થાત્ ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ, અર્થજ્ઞાન સહિત કરે અને તદનુસાર પોતાનું આચરણ કરે.

મનુ. ૨/૧૦૪

## અનુક્રમણિકા

આધ્યાત્મિક ચિંતન ૪
વૈદિક ઉપદેશ ૬
અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર ૮
મહર્ષિ દયાનંદ રચિત ગ્રંથ પરિચય ૧૦
અંધવિશ્વાસ અને તેનું નિવારણ ૧૧
જિજ્ઞાસા સમાધાન ૧૩
પિતૃ નડતર એક અજ્ઞાત ભય! ૧૫
પ્રેરણા પિયુષ ૧૬
બાળ વિભાગ ૧૭
**ગુજરાતનું ગતિશીલ આર્ય જગત**
ટંકારા આર્યસમાજ ૯૪મો સ્થાપના દિન ૨૨
આ. જૂનાગઢ વાસન્તી નવસસ્યેષ્ટિ પર્વ ૨૩
ચરોતર આ. સમાજ શિવરાત્રી પર્વ ૨૪
આર્યસમાજ આણંદના વિવિધ કાર્યક્રમો ૨૬
રાષ્ટ્રીય વિકાસ એવં આત્મરક્ષણ શિબિર ૨૭
જનસેવા સંઘ ડાકોર તીર્થયાત્રી શિબિરમાં પંચકુંડી યજ્ઞ ૨૮
રાજકોટ આ. સમાજ વાસન્તી નવસસ્યેષ્ટિ પર્વ ૨૯
આ. ટંકારા દ્વારા ઉજવાયો હોલિકા ઉત્સવ ૩૦
આ. વી. દળ ટંકારા દ્વારા શહીદ દિન નિમિત્તે મશાલ રેલી

આધ્યાત્મિક ચિંતન

# પ્રિય બાલ્યવસ્થા

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી અમૂલ્ય માનવ જીવન મળ્યું. આ મોટા સૌભાગ્યની વાત છે. આ ઘણી પ્રસન્નતાની વાત છે. પૂરૂ માનવ જીવન બાળપણથી લઈને વૃદ્ધાવસ્થા સુધી મૂલ્યવાન છે. આપણે આ સંપૂર્ણ અમૂલ્ય જીવનના પણ વિભિન્ન ભાગોની પરસ્પર સરખામણી કરતા રહીએ છીએ. બાલ્યાવસ્થા સારી કે પ્રૌઢાવસ્થા સારી કે પછી વૃદ્ધાવસ્થા સારી?

બહુ નાના બાળકો તો આના ઉપર વિચાર નથી કરી શકતા. બાળકો અન્યોની ટોકા-ટોકી, માર પીટ, પરતંત્રતા અને પોતાની દુર્બળતા, આર્થિક પરવશતા, ઈચ્છાઓને પૂરી ન કરી શકવાને વગેરે કારણોથી વિચારે છે કે હું મોટો થઈશ ત્યારે મારા આ બધા દુઃખ-કષ્ટ મટી જશે. હું મોટો થઈ જઈશ તો હું ખૂબ સુખી થઈ જઈશ. બાળકોનું વિચારવું ખોટું નથી. બાળપણમાં આવી મુશ્કેલીઓ-કમીઓ રહેલી હોય છે અને યુવાન-સમર્થ થવાથી આ મુશ્કેલીઓ - ખોટ લગભગ મટી જાય છે. આ સ્થિતિઓ બાધક છે, તેના દૂર થવાથી સુવિધા અને સુખનો અનુભવ થાય છે.

યુવાન થઈ જવાથી માણસ બાળપણની આ થોડી કમીઓથી મહદ અંશે મુકત થઈ જાય છે, પરંતુ હવે યુવાવસ્થાની બાધાઓનો અનુભવ કરે છે. ઘર, પરિવાર, સમાજની જવાબદારી તેના પર આવે છે. બીજાઓની તેના તરફ અપેક્ષાઓ પણ થવા લાગે છે. તેને તે અપેક્ષાઓ પૂરી ન કરી શકે તો બીજા દ્વારા ટોકવામાં આવે છે. દબાણ વધતું જાય છે. તે પોતે પણ પોતાના માટે જે અપેક્ષાઓ રાખે છે તે અપેક્ષાઓ પૂરી કરી શકતો નથી તો તેનું પણ દબાણ ઉત્પન્ન થાય છે. આ દબાણ - તાણ ચિંતાનું રૂપ લઈ લે છે. યુવાવસ્થામાં પોતાને સ્થિર કરવા, સમ્માનજનક સ્થિતિમાં રહેવાનું મોટું દબાણ રહે છે. આ બધું રહેવાથી અને કોઈ રસ્તો-ઉપાય-સફળતા ન મળવાથી યુવાન બહુ દુઃખી હોય છે. પોતાના વડિલોનો વાતો ઈચ્છા ન હોવા છતાં પણ માનવાની બાધ્યતા-પરતંત્રતા હજુ પણ તેને પીડા આપતી રહે છે.

પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં યુવાવસ્થાની અનેક બાધાઓ ઘટી

જાય છે કે દૂર થઇ જાય છે, પરંતુ જવાબદારીઓ - તનાવો - દબાણોથી વ્યક્તિ એટલો ગ્રસ્ત અને ત્રસ્ત થઇ જાય છે કે હું પણ બાળકની જેમ ચિંતા રહિત થઇ જાઉ. તેના યુવા-પ્રૌઢ-વૃદ્ધ અવસ્થાના લાભ હવે લાભ નથી દેખાતા, જેને તે બાળપણમાં ઇચ્છતો હતો. તેને દુઃખનું મોટું કારણ જવાબદારીઓ, તાણ અને ચિંતા લાગે છે. તે તેમાંજ એટલો ગુંચાવાય જાય છે કે તેમાંથી ઉકેલ કાઢી તેમાંથી બહાર નીકળવાની આશા ખોવાઇ બેસે છે. તેને તે ભોળુ, નિદોર્ષ, ચિંતારહિત બાળપણ વારંવાર યાદ આવે છે. તેને હવે પરતંત્રતા, લાચારીવાળી, શક્તિ-સામર્થ્ય વગેરે તેણે મેળવ્યા હતા, એ જ આ જ તેને પરતંત્રતા, દુઃખ, પીડાના કારણ દેખાડવા લાગે છે. વાસ્તવમાં સ્વતંત્રતા, સામર્થ્ય, સ્વાવલંબન વગેરે દુઃખના કારણો નથી. એ તો સુખના જ ઉપાયો છે, હંમેશા સુખ જ આપે છે. પરંતુ જ્યારે વ્યક્તિ તેનો સદુપયોગ કરવાનું નથી જાણતો, ત્યારે તેમાં ફસાઇ જઇ તેને પોતાના માટે દુઃખનું સાધન બનાવી લે છે. બાલ્યાવસ્થામાં જે નિષ્કપટતા, નિશ્ચિંતતા, પવિત્રતાના કારણે આજે પ્રિય લાગી રહી છે, તે નિષ્કપટતા, નિશ્ચિંતતા, પવિત્રતા તો આજે પણ મેળવી શકાય છે.

બાલ્યાવસ્થાની કમીઓ બાળપણમાં હોય જ છે, તેને બાળક દૂર નથી કરી શકતો. વૃદ્ધાવસ્થાની પણ અનેક ખોટ, ખાસ કરીને પ્રકૃતિ સહજ શારીરિક મુશ્કેલીઓ પણ દૂર નથી થઇ શકતી. પરંતુ યુવા-પ્રૌઢ-વૃદ્ધ અવસ્થાઓનો લાભ લેતા રહીને તેના ચિંતા-દબાણ-તણાવ-મૂંઝવણ વગેરે અનેક દોષોને દૂર કરી શકાય છે, તેનાથી દૂર રહી શકાય છે. પ્રભુની કૃપા છે કે આપણે યુવા-પ્રૌઢ-વૃદ્ધ અવસ્થાનો લાભ લેવાની સાથે સુંદર બાળપણના લાભ નિષ્કપટતા, નિશ્ચિંતતા, પવિત્રતા, ચિંતા-રહિતતા વગેરેને પણ પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે બસ આપણા જીવનને ધર્મ-વેદ-ઇશ્વરની અનુસાર ચલાવીને સહજ-પવિત્ર બનાવવાનું છે આ એકદમ સરળ છે.

અધર્મ-વેદ વિરુદ્ધ, ઇશ્વર વિરુદ્ધ જીવનના કષ્ટો-તનાવોને જોઇને આ સમજાઇ જાય તો આ ભવ્ય સફળતા છે. ત્યારે પ્રભુકૃપાથી આપણને બાલ્યાવસ્થા પ્રિય નહીં લાગે, બાલ્યાવસ્થાના ગુણ પ્રિય લાગશે.

યુવા પ્રૌઢ-વસ્થામાં પણ આપણે આપણને કમનીય-ઇચ્છ યોગ્ય બાળપણ જેવા જ લાગીશું, ત્યારે આપણને વર્તમાન જીવન પણ કમનીય સુંદર લાગશે. આ અણમોલ માનવજીવન હંમેશા અણમોલ છે, સદા કમનીય છે, સદા આદરણીય છે, સદા સૌભગ્યની વાત છે.

વૈદિક ઉપદેશ



# વેદ પ્રવચન

- પંડિત ગંગાપ્રસાદ ઉપાધ્યાય ○ અનુવાદક : નાથુભાઈ ડોડિયા

विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे ।
इन्द्रस्य युज्यः सखाः ।।

-ઋગ્વેદ ૧-૨૨-૧૯

ગતાંકનું ચાલુ...

**અન્વય :** (हे मनुष्या ! यूयम्) विष्णोः कर्माणि पश्यत । यतः व्रतानि पस्पशे ।
इन्द्रस्य युज्यः सखा ।

**અર્થ :** હે લોકો ! (विष्णोः) વિષ્ણુના (कर्मार्णि) કર્મોને (पश्यत) જુઓ, જે (કર્મોને) જોઈને મનુષ્ય પોતાના (व्रतानि) વ્રતોનું (पस्पश) પાલન કરવામાં સફળ થાય છે. વિષ્ણુ (इन्द्रस्य) ઈન્દ્રનો (युज्यः) સૌથી યોગ્ય મિત્ર છે.

ઉપનિષદમાં કહ્યું છે - नान्यः पंथा विद्यतेऽयनाय પરમપદનની પ્રાપ્તિ માટે બીજો કોઈ માર્ગ છે જ નહિ, આથી વિષ્ણુના હજારો કાર્યો જોઈ તેનું અનુકરણ માત્ર કરવાનું નથી પરંતુ પરિસ્થિતિનું અધ્યયન કરીને અને પોતાની મંજિલ - અંતિમ ધ્યેયને ધ્યાનમાં રાખીને પસંદગી કરવી કે આ માર્ગ મને ઉપયોગી થશે. આ જ વ્રત છે જે લોકો ફક્ત કુદરત - નેચરનું અનુકરણ કરે છે તે ભૂલ-ભુલામણીમાં પડી જાય છે. વિષ્ણુના કાર્યો જોઈને તેમાંથી ઉપદેશ ગ્રહણ કરીને મનુષ્યે પોતાના વ્રતો નક્કી કરવાના છે.

જગતમાં વૈજ્ઞાનિકો વિષ્ણુના કર્મો અર્થાત્ કુદરતી ઘટનાઓનું નિરીક્ષણ કરીને તેનું અનુકરણ કરે છે. માછલીને તરતી જોઈને તેના શરીરના હલન ચલન અનુકરણ રૂપે વહાણ બનાવે છે. પક્ષીઓને ઉડતા જોઈને તેના અનુકરણ રૂપે વિમાનો બનાવે છે. આ બધા અનુકરણો છે અને આ અનુકરણો વિજ્ઞાનનો આધાર છે. પરંતુ વિજ્ઞાનનું મુખ્ય પ્રયોજન ત્યારે જ સિદ્ધ થાય જ્યારે મુખ્ય માછલી કે પક્ષીના અને મનુષ્યના ઉદ્દેશ્યોના તફાવતને જોઈ સમજી વિચારીને વહાણ કે વિમાનનો પોતાનાં લાભના માટે પ્રયોગ કરે. વેદમંત્ર એમ કહેતો નથી કે વિજ્ઞાન નાસ્તિક છે અથવા નાસ્તિકતા પોષક છે. કેટલાંય મત-સંપ્રદાયોમાં પ્રકૃતિના નિયમોનું નિરીક્ષણ કે પરીક્ષણ માત્રને અનીશ્વરવાદ (નાસ્તિકવાદ) કહે છે. ઈશ્વરના કાર્યોમાં દખલ ન કરો. તેના ભેદને જાણવાની ઇચ્છા નહિ કરો. ઈશ્વરનો ભેદ (રહસ્યને) કોણ જાણી શકે ? ખુદાની વાત ખુદા જાણે. કુદરતના પડદાને ઊઠાવી તેની અંદર ઈશ્વરને કુપિત કે ક્રોધિત કરવાનું કાર્ય છે. આ જ કારણે

વૈજ્ઞાનિકો અને ઇશ્વર ભક્તો વચ્ચે લાંબા સમયથી ઝઘડો (યુદ્ધ) ચાલે છે. કોઇ જગ્યાએ શીત યુદ્ધ છે અને કોઇ જગ્યાએ ઉષ્ણ યુદ્ધ આજે પણ છે અને પહેલાં પણ હતું. અહીં એવું પ્રતીત થાય છે કે કુદરતના નિરીક્ષક અને પરીક્ષક જે વૈજ્ઞાનિકો છે તેમનું અલગ જૂથ છે અને જે ઇશ્વરને માનનાર તેની સ્તુતિ કરનાર અને તેની પૂજા કરનાર ધાર્મિક લોકો છે તેનું બીજું જૂથ છે. વેદમંત્રની ભાવના તેનાથી વિપરીત છે. વેદોનો ઉપદેશ છે કે વિષ્ણુના કાર્યો જુઓ, સ્થુળ કાર્યને, સૂક્ષ્મ કાર્યને બાહ્ય કાર્યને, આંતરિક કાર્યોને, નાના કાર્યોને, મોટા કાર્યોને આંખ ઉઘાડીને જુઓ, પરિશ્રમ કરીને જુઓ, બુદ્ધિની કસોટી પર કસીને જુઓ. આમ કરવાથી સમજણ પડશે કે સૃષ્ટિના જે મૌલિક નિયમો છે તે જ ધર્મના નિયમો છે. અહિંસા, સત્ય, અસ્તેય વગેરે ભૌતિક જગતના પણ નિયામક છે. જેવી રીતે આધ્યાત્મિક જગતમાં કુદરતનો વિરોધ કરીને કોઇ ઇશ્વર ભક્ત બની નથી શકતો. તેવી જ રીતે રાજા કે શાસકનો વિરોધ કરીને કોઇ તે રાજા કે શાસકનો ભક્ત બની નથી શકતો.

તમે ઇશ્વરના કાર્યો શા માટે જુઓ છો અને શા માટે તેનું અનુકરણ કરો છો? તેનો ઉત્તર મંત્રના અંતિમ ચરણમાં આપ્યો છે. इन्द्रस्य युजस्यः सखा વિષ્ણુ ઇન્દ્રનો સૌથી ઉત્તમ મિત્ર છે. ઇન્દ્ર નામ જીવનું છે. ઇન્દ્રને જીવ કહેતા કંઇક સંશય થાય છે કારણ કે ઇન્દ્ર શબ્દનું ઉચ્ચારણ કરતાં આપણને પૌરાણિક ઇન્દ્ર કે શચીનું ચિત્ર ધ્યાનમાં આવે છે. બહુ લાંબા સમયથી સાંભળી સાંભળીને આવા સંસ્કાર થયા છે. પરંતુ ઇન્દ્રિય શબ્દનો પ્રયોગ તો બહુ જૂનો છે. આંખ, કાન, નાક વગેરે ઇન્દ્રિય કહેતા આપણને સંકોચ નથી થતો. સાચી વાત તો એ છે કે ઇન્દ્રિય શબ્દ જ ઇન્દ્રમાંથી બનેલ છે. ઇન્દ્રિયનો અર્થ છે ઇન્દ્રવાલી. પાણિનિ મહર્ષિને પણ આ ભાવના વ્યક્ત કરવા માટે એક સૂત્ર બનાવવાની આવશ્યકતા પડી. इन्द्रियमिन्द्रलिंगम् વગેરે (અષ્ટાધ્યાયી ૫-૨-૯૩) કાશિકામાં આ સૂત્ર પર ટિપ્પણી આપી છે. रूढिरेषा चक्षु रदीनां करणानाम्। तथा च व्युत्पत्तरेनियमं दर्शयति - इन्द्रशब्दात् षष्ठी समर्थाल्लिंगमिन्द्रियम्। इन्द्र आत्मा स चक्षुरादिना करणेनानुमीयते नाकतृकं करणमस्ति। અહીં સ્પષ્ટ છે કે કાશિકાકારે પણ ઇન્દ્ર નો અર્થ જીવાત્મા કર્યો છે. ઇન્દ્ર જે કારણો - સાધનોનો ઉપયોગ કરે છે તેને ઇન્દ્રિય કહેવાય છે.

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

**- પં. રુચિરામ આર્યોપદેશક**

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**-સહસંપાદક**

ગતાંકનું ચાલું...

## બીજો પરિચ્છેદ
## મિશ્ર (આફ્રિકા)

પરમાત્માના ભરોસે હું ખુરૈબાથી આગળ ચાલ્યો. હજુ ત્રણ દિવસ જ થયા હતા કે પાણી ખૂટી ગયું. વળી, અહીં ખાસ કોઈ રસ્તો ન હોવાથી કુવો ન મળ્યો. આજે બપોરનો સમય હતો, હું એક વૃક્ષની નીચે આરામ કરવા બેસી ગયો. થોડી વાર વેદ મંત્રો બોલતો રહ્યો, કેટલાંક ભજન પણ ગાયા. તરસ ખૂબ લાગી હતી. ત્રણ કલાક ચાલ્યા પછી દૂર બકરીઓ ચરતી જોવા મળી, પરંતુ એની સાથે કોઈ માણસ ન હતો. આથી હું ફરીને ચાલવા લાગ્યો. થોડું જ ચાલ્યો હોઈશ ત્યાં જ ધીરેથી કાનમાં અવાજ સંભળાયો જેનો અર્થ હતો - તમે કોણ છો? મેં બરાબર ધ્યાનથી જોયું બોલનાર દેખાયો નહીં. પહાડી વિસ્તાર હતો અને નાના-નાના ખડકો હતાં. થોડું ચાલ્યો પરંતુ તરસ ખૂબ લાગી હતી આથી બેસી ગયદ. ત્યાં સામેના ખડકમાંથી એવો અવાજ આવ્યો કે જાણે કોઈ બંદૂકમાં કારતૂસ ભરી રહ્યો હોય. હું સાવધ થઈ ગયો. કારણકે મને જાણમાં હતું આ વિસ્તારમાં બૂદ્દુ લોકો યાત્રીઓને લૂંટે છે. મારી પાસે જે બંદૂક હતી તે ભરી લીધી અને શત્રુ ક્યાં છે તે જોવા લાગ્યો. એટલાંમાં ખડક પાછળ સંતાયેલા એક બદૂએ મારા પર ગોળી છોડી દીધી. હું ચેતી ગયો હતો, આથી ગોળીથી હું મરી ગયો કે નહીં તે જોવા પેલા બદૂએ ખડક પાછળથી પોતાનું માથું બહાર કાઢ્યું તેનું માથુ બહાર દેખાતા જ મેં પણ ગોળી છોડી દીધી, પરંતુ સરસરાતી નીકળી ગઈ, નિશાન ચૂકી ગઈ છતાં પણ તેના માથાની ચામડી તો કાઢતી ગઈ. આથી તે બેભાન થઈને ખડકની પાછળ પડી ગયો. એટલામાં માત્ર એક સાડી પહેરેલ કાળો રંગ ધરાવતી તેની માતા એક નાના બાળકને ખભા ઉપર બેસાડી રડતી-રડતી આવીને દૂરથી ક્ષમા યાચના કરવા લાગી. આથી હું ઊભો થયો

અને ઘાયલ બદ્દૂની નજીક ગયો. તે છૂપાઇને બેઠો હતો. તે મને જોઇને શરમિંદો થઇને બોલ્યો- મેં તમને ઓળખ્યા ન હતા કે તમે હિન્દી છો. મેં અરબી સમજીને તમારા પર નિશાન તાક્યું હતું. તેની માં પણ ત્યાં આવી ગઇ. બે-ચાર મિનિટ ત્યાં બેસી મારો સામાન જ્યાં પડયો હતો ત્યાં આવ્યાં.

મેં તમને કુવો ક્યાં છે એ પૂછ્યું આથી પેલો બદ્દૂ ઊભો થયો અને મારું ચાનું વાસણ બકરીના દૂધથી ભરી લાવ્યો. દૂધ પી ને હું ત્યાંથી આગળ ચાલ્યો. ચાલતી વખતી તેની માં એ મારો થેલો ફાંફળીયો તેમાં એક નાની કાતર હતી તેને ગમી મેં દૂધના બદલામાં કાતર તેને આપી દીધી.

હવે સૂર્યાસ્ત થવામાં હતો. મેં તેમની પાસે જવાની રજા માંગી. તેઓએ થોડા દિવસ રોકાવા કહ્યું પરંતુ હું રોકાયો નહીં. તેઓએ મને સાથે લઇ જવા ઘણો બધો બધો ખજૂર આપ્યો. મેં તે થેલામાં રાખી દીધો.

રાત્રિ થઇ ગઇ હતી. બદ્દૂએ મને પાણી ક્યાં-ક્યાં મળશે તે પણ બતાવ્યું હતું; પરંતુ રસ્તો બરાબર ન હોવાથી અંધારમાં મને પાણીના સ્થળોની ખબર ન પડી. ભૂલીને હું દૂર ચાલ્યો ગયો. યાત્રાના થાકથી ભૂખ લાગી હતી. મેં ભરપેટ ખજૂર ખાઇ લીધો અને વિચાર્યુ કે કાલે સવારે તો પાણી શોધી જ લઇશ. હતું સૂઇ ગયો. અડધી રાતે ખૂબ તરસ લાગી. જેમ-તેમ કરીને રાત ગુજારી સવારે ઊઠીને પાણીની શોધમાં નીકળી પડયો.

અહીંથી અકબા ત્રણ દિવસના અંતરે હતું. બપોરે પાણી ક્યાંય જોવા ન મળ્યું. કોઇ રસ્તો પણ ન મળ્યો. જો કે રસ્તો તો મેં હોકાયંત્રની મદદથી શોધી લીધો અને અકબાની દિશાંમાં ચાલતો રહ્યો. બપોરે એક ઊંચી પહાડી ઉપર ચડીને આમ-તેમ નજર દોડાવી. પરંતુ પાણીનાં કોઇ સગવડ ન મળ્યા. બહું જ ધ્યાનથી જોયું તો રાતાસમુદ્રનો કિનારો કેટલાંક અંતરે જોવા મળ્યો. પસીનો, ગરમી અને તરસના કારણે મારી હાલત કફોડી થઇ ગઇ હતી. ન્હાવા માટે હું સમુદ્ર તરફ ચાલવા લાગ્યો.

હું સમુદ્ર કિનારે પહોંચ્યો ત્યારે સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. મેં પણ સૂર્ય ભગવાનની સાથે સમુદ્રના જળમાં ડૂબકી લગાવી. ન્હાવાથી શરીરને તો ઠંડક મળી, તરસને પણ થોડી શાંતિ મળી પરંતુ સમુદ્રનું પાણી પી શકું તેમ ન હતો. થોડું આગળ ચાલીને સૂઇ ગયો, પરંતુ તરસથી પરેશાન હતો આથી ઉંઘ ક્યાંથી આવે ? પડખાં બદલ તો બદલતા આંખ મીંચાઇ ગઇ. સ્વપ્ન લાહોરની લાઇમ બ્યૂસ અને લેમોનેડના ઠંડા ગ્લાસ

દેખાવા લાગ્યાં. સવારે ઊઠયો અને ત્રણ-ચાર કલાક ચાલ્યો. બપોરને સમય સમુદ્રના પાણીથી જ પસાર કર્યો. સાંજના ઠંડક થતા જ ફરીને ચાલવા લાગ્યો. આ રીતે તે દિવસે દસ-બાર વખત ન્હાયો અને આખી રાત ચાલતો રહ્યો. અંધારૂ હોવાથી રાત્રિમાં રાસ્તાની ખબર પડતી ન હતી. મેં માત્ર સમુદ્રનો કિનારે કિનારે ચાલતો રહેતો હતો અને જોર-જોરથી રાડ પાડતો હતો. જેથી કોઇ મારો અવાજ સાંભળે. અડધી રાત્રિ સુધી ખૂબ અવાજ લગાવતો રહ્યો, પરંતુ ક્યાંયથી કોઇ જવાબ ન મળ્યો. સવારે ચાર વાગ્યે કેટલાંક બદ્દૂઓ કિનારે જ ઊભેલા જોવા મળ્યા. તેમની પાસે જઇને પાણી માગ્યું. સંજોગવશાત્ તેમની પાસે પણ પાણી ખૂટી ગયું હતું. ત્યાંથી કુવો ત્રણ કલાકના અંતરે હતો. એક બદ્દૂ મને પોતાની સાથે કુવા પાસે ગયો. ત્યાં જઇને મેં પાણી પીધું અને ભગવાનનો આભાર માન્યો કે મારો જીવ બચી ગયો.

બે દિવસની તરસથી હું એટલો થાકી ગયો હતો કે હવે આગળ યાત્રા કરવાને બદલે અહીં જ કોઇ પહાડીની ગુફામાં બેસીને પ્રભુ ભજન કરવાનું વિચાર્યું. પરંતુ મેં મારા પૂ. આચાર્યશ્રી સ્વામી સ્વતંત્રાનંદજી મહારજ પાસે આતિજ્ઞા કરી હતી કે જો જીવિત રહીશ તો સંપૂર્ણ અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર કરીને એક વખત જરૂર ભારતવર્ષ આવીશ. વૈદિક ધર્મન પ્રચાર કરવો એ પણ ભગવાનની ભક્તિ છો, વળી, અરબ જેવા દેશમાં એનો સર્વપ્રથમ પ્રચાર કરવાનું કેટલું મહત્વ છે! ગુરુદેવની આજ્ઞાનું પાલન કરવાના વિચારે મને પુનઃ પ્રેરણા આપી. હું ઊઠયો અને યાત્રા આગળ વધારી દીધી.

## મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થ પરિચય

**ગતાંકથી ચાલુ.....**

મહર્ષિ દયાનંદ દ્વારા લિખિત પરંતુ અપ્રકાશિત ગ્રન્થોની યાદી...

૨૧. ઔષધિઓની યાદી
૨૨. કુરાન હિન્દી ભાષામાં અનુવાદ
૨૩. પ્રાકૃત ભાષાનો સંસ્કૃત ભાષા સાથે અનુવાદ
૨૪. જૈન છૂટક શ્લોકનો સંગ્રહ
૨૫. રામસનેહે ગુટકો
૨૬. ચતુર્વેદ સૂચિ
૨૭. ઐતરેય બ્રહ્મણ સૂચિ
૨૮. શતપથ વિષય
૨૯. ઋગ્વેદ વિષય સૂચિ
૩૦. અથર્વકાંડ ૧૯-૨૦ વિષય સૂચિ



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધવિશ્વાસ: સિદ્ધ-યોગી, તાંત્રિક જ્યારે ઇચ્છે ત્યારે આત્માને બોલાવી શકે છે.**

**નિવારણ:** મૃત્યુ-શરીરાંત પછી આત્મા ઈશ્વરની વ્યવસ્થામાં ચાલ્યો જાય છે. ઈશ્વર તે આત્માને તેના પૂર્વ અને વર્તમાન કર્મો મુજબ નવું શરીર આપે છે. શરીર વિના આત્મા કંઇ જ કરી શકતો નથી. કોઈ પણ આત્મા ક્યાંય ભટકતો નથી, તેમજ કોઇના બોલાવવાથી આવતો કે જતો નથી. એવું કહેવામાં આવે છે કે અકસ્માતમાં મૃત્યુ પામનારનો આત્મા ભટકે છે. પરંતુ એ બિલકુલ ખોટી માન્યતા છે. અજ્ઞાની લોકો માટે અકસ્માતથી મરવું વગેરેને બહુ મોટો બનાવ માનવામાં આવે છે. પરંતુ સર્વજ્ઞ ઈશ્વર માટે તો બધું જ સામાન્ય છે. જન્મ-જીવન-મૃત્યુ તો અનંત યાત્રાની કડીઓ છે. આ યાત્રા અનંત છે. મોક્ષનો સમય પૂરો થયો આત્મા ફરીને આ જ યાત્રા આરંભે છે.

સિદ્ધ-યોગી, તાંત્રિકો ઇચ્છા પડે ત્યારે આત્માને બોલાવે છે એ બધી પોપલીલા છે, ખોટી છે. તેમાં જરા પણ સત્ય નથી. આ લોકો વિવિધ પ્રયોગો કરે છે જેમકે કાચનો ગ્લાસ (પ્યાલો) ટેબલ પર ઊંધો રાખવામાં આવે. જેના ઉપર ચાર-પાંચ લોકો પોતાની આંગળી રાખે. ધીરે-ધીરે ગ્લાસ હલવા લાગે અને કોઇ એક દિશા તરફ ગ્લાસ સરકવા લાગે છે. ગ્લાસ નીચે કોરો કાગળ હોય છે, જેમાં ચારે બાજુ ખાના દોરેલા હોય છે જેમાં હા-ના, કંઇક સંભવ, અસંભવ, ઝડપી, ધીમું વગેરે લખેલું હોય છે. જે ખાના ઉપર ગ્લાસ અટકી જાય તેના ઉપરથી કલ્પના કરવામાં આવે છે કે આત્મા આ ગ્લાસમાં આવી ગયો. હા-ના, કંઇક સંભવ વગેરે.

ગ્લાસ ઉપર હાથ રાખનારની આંગળી સ્થિર રહેતી નથી, થોડી ધ્રુજારી તો થતી જ હોય છે, આ ધ્રુજારીના કારણે ગ્લાસ પણ હલવા લાગે તે સ્વભાવિક છે. એક વખત ગ્લાસ હલે એટલે તે આગળ વધવા લાગે છે. આવી ક્રિયાને આત્માને બોલાવવા સાથે જોડવામાં આવે છે. આ બધામાં અંધવિશ્વાસી લોકો ફંસાઇ જાય છે. કેટલાંક લોકો પ્રાયમસ (કેરોસીનના બર્નલવાળો-હવા પૂરક) ઉપર હાથ રાખીને પણ કરે છે. નબળાં મનનાં આવું

કરતા હોય છે, પરંતુ જેમને ઇશ્વરની ન્યાય વ્યવસ્થા ઉપર ભરોસો છે તેઓં આવા રસ્તા અપનાવતા નથી.

યાદ રાખીએ આત્મા ભટકતો નથી, કે કબરમાં દબાયેલો પણ રહેતો નથી, તેમજ સ્વચ્છાએ ક્યાંય જતો નથી. જે આત્માને શરીર નથી મળ્યું તે ઇશ્વરને આધીન-સુષુપ્તિ અવસ્થામાં હોય છે માત્ર મુક્ત આત્માઓ બ્રહ્માંડમાં ઇશ્વરના આનંદમાં મગ્ન રહે છે આ જ વૈદિક દર્શન છે.

**અંધવિશ્વાસ: સિદ્ધપુરુષનો આત્મા ઇચ્છે તે શરીરમાં પ્રવેશ કરી શકે છે. કોઈપણના મનનાં વિચારોને જાણી શકે છે.**

**નિવારણ:** સ્વર્થ અને અજ્ઞાનતાના કારણે લોકો અનેક પ્રકારની ભ્રાંતિઓ ફેલાવતા હોય છે. જે પૈકીની આ પણ એવી જ ભ્રાંતિ છે. યોગાભ્યાસ કરવાથી અનેક સિદ્ધિઓ મળે છે એ વાત તો સાચી છે, પરંતુ અસંભવની સિદ્ધિ સંભવ નથી. આત્મા શરીર છોડી દે એટલે શરીર ઠંડુ પડી જાય છે એટલે કે મરી જાય છે. તે આત્મા અન્યના શરીરમાં તો શું પરંતુ પોતાના શરીરમાં પણ પાછો આવી શકતો નથી, શરીર છોડતા જ આત્મા ઇશ્વરને આધીન થઇ જાય છે. સ્વેચ્છાથી ક્યાંય જવું કોઇના શરીરમાં પ્રવેશ કરવો એ બધી અજ્ઞાનતા ભરેલી વાતો છે.

હા! એ બાબત સાચી છે કે કોઇ યોગી પોતાના જ્ઞાન વડે તથા અભ્યાસ વડે સામે બેઠેલ વ્યક્તિના મનોભાવને જાણી શકે છે, જો કે સો ટકા તો એ પણ જાણી શકતા નથી. મનોવૈજ્ઞાનિક આ જ કામ કરે છે. દર્દી સાથે વાતો કરતા-કરતા તેની ભાવનાઓને સમજી લે છે, જો કે બીજાના મનની વાતને સરળતા જાણી લે છે. એનો અર્થ એ પણ નથી કે તે ગમે તે કરી શકે છે. તે પોતાના આત્માને બહાર કાઢીને બીજાના શરીરમાં પ્રવેશ કરી શકતા નથી, કે પાછો પોતાના શરીરમાં પરત આવી શકતો નથી. અલ્પજ્ઞાનના કારણે લોકોમાં આવી અનેક પ્રકારની ભ્રમણા ઉત્પન્ન થતી રહે છે. તેનું નિવારણ ન થવાના કારણો તેને સાચું સમજી લે છે.

ઇશ્વરની વ્યવસ્થામાં ક્યારેય પરિવર્તન આવતું નથી. સ્વયં ઇશ્વર પણ પોતાના નિયમો બદલી શકતો નથી. કારણ કે ઇશ્વર સર્વજ્ઞ છે. મુક્ત આત્માને ક્યાં ક્યારે મોકલવાનો છે માત્ર ઇશ્વર જ સારી રીતે જાણે છે.

# જિજ્ઞાસા - સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા-** **સંધ્યા અને ધ્યાનમાં શું અંતર છે ? બંને કરવું કે કોઈ એક ? સંધ્યા કરતા ધ્યાનમાં મન વધુ એકાગ્ર થાય છે. આવું શા માટે ?**

**સમાધાન-** સંધ્યા અને ધ્યાનમાં કોઇ ભિન્નતા નથી. જે કામ સંધ્યામાં કરવામાં આવે છે તેજ કામ ધ્યાનમાં પણ કરવામાં આવે છે સંધ્યાના મંત્રોનો પાઠ મન અને વાણીથી કરવામાં આવતું ઉચ્ચારણ અને ધ્યાન કોઇ એક મંત્ર અથવા ઓમ નો જ કે ચિંતનને માનવામાં આવે છે. વાસ્તવમાં બંને એક જ છે. વ્યાકરણની દષ્ટિએ પણ બંને શબ્દો સંધ્યા અને ધ્યાન એક જ ધાર્નુ ધ્યૈ થી બનેલો છે જેનો અર્થ થાય છે ચિંતન કરવુ. ચિંતન રૂપી કાર્ય બંનેમાં રહેલું છે. સંધ્યાનો અર્થ મહર્ષિ દયાનંદે લખેલો છે सान्ध्यायन्ति सान्ध्यायते वा परब्रह्म यस्यां सा सान्ध्या - સારી રીતે પરમાત્માનું ધ્યાન જેનાથી કરવામા આવે છે તે સંધ્યા કહેવાય છે ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકામાં ધ્યાનની બાબતમાં મહર્ષિનું છે વચન છે -આ સમયે ઇશ્વર સિવાય અન્ય કોઇ પદાર્થનુ સ્મરણ ન કરવુ, પરંતુ તેજ અંત્યાંમિના સ્વરૂપ અને ધ્યાનમા મગ્ન થઇ જવુ એનું જ નામ ધ્યાન છે. આમ બંનેમાં પરમેશ્વરનુ સ્મરણ મુખ્ય છે. આમ સંધ્યા અને ધ્યાનમા કોઇ અંતર નથી. ઇશ્વર સ્મરણ માટે સંધ્યા અથવા ધ્યાન કોઇપણ કરી શકાય. જેવુ અનુકૂળ રહેતુ હોય તે કરવું. ધ્યાનમાં જે પ્રકારે ચિંતન કરાય છે. તે જ રીતે સંધ્યાના મંત્રોનું વિશેષ ચિંતન કરવું. બંનેમા સમાન અનુભૂતિ થશે. જે વ્યકિત જેટલુ ઊંડાણપૂર્વક ચિંતન કરશે તેટલું તેનું બાહ્ય ક્ષેત્ર નાનું થતુ જશે. જો ઊંડાણ પૂર્વકનું ચિંતન ઓછુ હશે તો બાહ્ય વિષયો વધુ રહેશે એટલે કે જ્યારે વ્યકિત એક જ મંત્ર અથવા તે મંત્રનો પદનું ઊંડાણ પૂર્વક ચિંતન કરતા - કરતા પરમેશ્વરના સ્વરૂપને જુએ છે ત્યારે તેનાં અન્ય મંત્ર અથવા મંત્રના પદ છૂટી જાય છે અને તે થોડી વારમાંજ ધ્યાનના ઊંડાણમાં ચાલ્યો જાય છે આ ખૂબ સારી સ્થિતિ છે. જો વ્યક્તિની સ્થિતિ એટલી ઊંચી નથી તો તે કોઇ એક મંત્ર બે મંત્રો અથવા સંધ્યાનો તમામ મંત્રો વડે ચિંતન કરે છે - કરશે, જ્યારે ઊંચી સ્થિતિએ પહોંચી જાય અને વ્યક્તિ એક જ મંત્રનુ ચિંતન કરશે અને બીજા મંત્રનુ ચિંતન નહી કરી શકે તો એવું ક્યારેય ન માનવું જોઇએ મારી 'સંધ્યા છૂટી ગઇ અથવા અધૂરી રહી ગઇ.

એક મંત્ર વડેજ ધ્યાનની સારી સ્થિતિ એ પહોંચી જવું એમા સંતોષનો અનુભવ કરવો જેઇએ. જો આપણને સંધ્યાના મંત્રો યાદ હોયઅનેતે મંત્રોના અર્થનું ચિંતન કરતા હોય તો સંધ્યાપણ ધ્યાનજેવી. જ એકાગ્રતા આવશે.

**જિજ્ઞાસા- ઉદ્ગીથ પ્રાણાયામ છે કે જપ ? શ્વાસ અને પ્રાણાયામમાં શું ભેદ છે પ્રાણતત્વ શું છે?**

સમાધાન- ઉદ્ગીથ પ્રાણાયામકે જપ નથી પરંતુ તે ओ३म् નો પર્યાયવાચી શબ્દ છે ઉદ્ગીથનો અર્થ કરવા મહર્ષિ દયાનંદે લખેછે - य उद्गीयत् उच्चैः शब्दपे स उद्गीथः सामध्वनिः प्रणवौ वा (ઉ.કોષ.૨.૧૦) જે ઊંચા સ્વરમાં ગવાયછે તે ઉદ્ગીથ કહેવાય છે, તે ગવાતુ સામગાન હોય કે ओ३म् હોય તે ઉદ્ગીથ છે. ઉદ્ગીથનું છાન્દોગ્ય ઉપનિષદ માં વિસ્તારથી વર્ણન કરવામાં આવેલ છે તેમાંના બે પ્રસંગો અહીં આપેલા છે ओमित्पेतदक्षरमुदगीथमुपसीतोमिति ह्युद्गायति तस्योप व्याख्यानम् (છા.ઉ.૧.૪.૧) ओम् આ અક્ષર ઉદ્ગીથ છે આ ઉદ્ગીથની ઉપાસના કર....

अथ खलु य उद्गीथः स प्रणवो यः प्रणवः स उद्गीथ इति। (છા.ઉ.૧.૫.૫) જેઉદ્ગીથ છે, તે જ પ્રણવછે જે પ્રણવ છે તેજ ઉદ્ગીથ છે. આ ઉપનિષદ વચોનોથી જાણી શકાયછે કે ઉદગીથ એકજ છે. આ કાકતે શ્રી સત્યવ્રત સિધ્ધાંતલંકાર લખે છે- માટે ઋગ્વેદી પ્રણવ શબ્દોનો. અહીં કહેવામા આવેલુ છે પ્રણવ તથા ઉદ્ગીથ એકજ છે શ્વાસ એ પ્રાણવાયુને શરીરમાં લેવો અને છોડવાનું નામ છે અને શરીરને ધારણ કરનાર જીવન શક્તિનું નામ પ્રાણ છે બંને ખાસ ફરકનથી જો ભેદ કરવા ઇચ્છીએ તોએકમા વાયુને લેવો અને છોડવો તો બીજામાં જીવન શક્તિ છે પ્રાણ શબ્દનો અલગ-અલગસમયે અલગ - અલગ અર્થ જોવા મળે છે મુખ્યરીતે શરીરને ધારણ કરનાર જીવનનું મૂળ-શરીરમા રહેલ ખાસ વાયુનું નામ પ્રાણ તરીકે રૂઢ થયેલું છે. પ્રાણ શબ્દમાં અન્ય અર્થો છે -પરમાત્મા, આત્મા, મન, ઇન્દ્રિયો, બળ, ઉર્જા, શક્તિ, સામર્થ્ય, પ્રિય વ્યક્તિ, ચંદ્રમા, સોમ, વરુણ અર્ક, સૂર્ય, સવિતા, અમૃત યજ્ઞનો ઉદ્ગાતા, સામવેદ ભરણ( ધારણ પોષણ કરનાર), વાચસ્પિતિ, રસ, દીક્ષા, પશુ, મનુષ્ય, જ્યેષ્ઠ- શ્રેષ્ઠ, સમિધ (અગ્નિ), પ્રાણૌ વે રેતઃ વસિષ્ઠ (જે અતિશય રૂપે ધર્મકાર્યોમાં વસનાર), વાણી, સ્વર (શબ્દ) વગેરે છે આ બધા પોત- પોતાના સ્થાને પ્રાણતત્વ છે. જ્યાં જે પ્રસંગ હશે ત્યાં પ્રાણનો અર્થ તેનાં જ આધારે થશે.



પિતૃ નડતર એક અજ્ઞાત ભય!

# શું આપણને ગીતાના જ્ઞાનમાં શ્રદ્ધા નથી ?

- બળદેવભાઇ ઓઝા

શ્રીમદ્ ભગવત ગીતા આપો પવિત્ર ગ્રંથ છે. ગીતા એ ખૂબ કૃષ્ણ ભગવાનની છે. ગીતાના બીજા અધ્યાયનાં ૧૩માં શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, જેમ દેહધારીને આ દેહમાં બાલ્ય, યૌવન અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે. તેમ બીજા દેહની પ્રાપ્તિ થાય છે.

હવે જો આમ હોય તો ઘણાં વર્ષો પહેલાં મૃત્યુ પામેલ આપણાં પિતૃઓ દેહ વિના અતૃપ્ત થઇને ભટકે છે એમ આપણે કેમ માનીએ?

વળી આ જ અધ્યાયના ૨૨ માં શ્લોકમાં પણ આજ વાત કરી છે.

જેમ મનુષ્ય જૂના વસ્ત્રો ત્યજીને નવા વસ્ત્રો ધારણ કરે છે તેમ દેહધારી આત્મા જૂના શરીર ત્યાજીને નવા શરીરને પામે છે.

તાંત્રિકો કહે છે એમ પિતૃની પિતૃની આત્મા ભટકવાની વાત ક્યાંથી આવી?

તાંત્રિકો પિતૃ નડતરની વિધિ વખતે કુટુંબના પિતૃઓની આત્માને આહ્‌વાહન કરીને બોલાવે છે. આ રીતે આત્માને બોલાવી શકાય ખરી?

ગીતાના બીજા અધ્યાય ૨૫ માં શ્લોકમાં સ્પષ્ટ જણાવ્યું છે - આ આત્મા અવ્યક્ત એટલે કે ઇન્દ્રીયોથી જાણવું અશક્ય છે. અચિંત્ય એટલે કે મનની ચિંતવો અશક્ય છે. આત્મા અવિકારી છે.

મરણ પામેલ આપણાં પિતૃઓના આત્મા ગીતાના મત મુજબ ઇન્દ્રીઓ અને મનથી જાણવા અશક્ય હોય તો પછી પિતૃ નડતર વિધિ વખતે બીજાના શરીરમાં ક્યાંથી આવે અને ઓળખાય પણ ક્યાંથી? વળી આ શ્લોકમાં આત્માને અવિકારી એટલે કે તમામ પ્રકારના રાગદ્વેષથી પર કહ્યો છે. આવા અવિકારી આત્મા કોઇને નડવાનું પસંદ કરે ખરાં?

# સાર્વદેશિક આર્યવીર દળનો આગામી રાષ્ટ્રીય શિબિર

સાર્વદેશિક આર્યવીરદળનો આગામી રાષ્ટ્રીય શિબિર તા.૨-૬-૨૦૧૯ થી તા. ૧૬-૬-૨૦૧૯ સુધી પંચકુલા (હરિયાણા) ખાતે યોજાશે. શિબિરમાં શાખાનાયક, ઉપવ્યાયામ શિક્ષક અને વ્યાયામ શિક્ષકનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

વધુ માહિતી માટે પ્રધાન સંચાલકનો સંપર્ક કરવો.

# પ્રેરણા પીયુષ

- મહાશય ધર્મપાલજી

ભારત વિભાજન થતા સિયાલકોટ પાકિસ્તાનમાં ગયું આથી અનેક હિન્દુ પરિવારો ત્યાંથી ભારત સ્થળાંતરિત થયાં. ત્યાં બધું જ છોડીને આવ્યાં. આ પરિવારોમાં એક પરિવાર હતો ધર્મપાલજીનો. પરિવારના બાકીનાં સભ્યો અમૃતસરમાં રોકાયા પરંતુ ધર્મપાલ તા.૨૭ સપ્ટેમ્બર ૧૯૪૭ ના રોજ પોતાના પરિવારને અમૃતસર છોડીને નસીબ અજમાવવા દિલ્લી આવ્યો. સિયાલકોટમાં એક સામાન્ય પરંતુ સન્માનિત પરિવાર સાથે જોડાયેલ ધર્મપાલ માટે દિલ્લી નવું શહેર હતું. અહીંના વાતાવરણથી સાવ અજાણ હતો પાસે કોઈ મૂડી ન હતી લોકો સાથે કોઈ ઓળખાણ ન હતી સાંપ્રદાયિક હુલ્લડોના કારણે જેઓ પણ દિલ્લી આવ્યા હતા તેમને નવું નામ મળ્યું - રેફ્યેજી (શરણાર્થી) ધર્મપાલ આવું સંબોધન સાંભળીને મનમાં દુઃખી થતો હતો પરંતુ લાચારી હતી સાંભળવું પડતું હતું, પરંતુ ધર્મપાલને પોતાના પર ભરોસો હતો. સખત મહેનત કરીને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ રસ્તો કાઢી શકવાનો આત્મવિશ્વાસ હતો.

સિયાલકોટમાં ધર્મપાલ પોતાની દુકાન પર કામ કરતો હતો આથી બીજાને ત્યાં નોકરી કરવી અસંભવ હતી. પરંતુ તે દિવસોમાં દિલ્લીમાં પોતાની દુકાન શરૂ કરવી શક્ય ન હતી, કારણ કે પાસે મૂડી ન હતી, બજારમા ઓળખ પણ ન હતી. મનમાં વિચારોની ઉથલ-પુથલ દિવસ- રાત ચાલતી હતી. દિવસભર દિલ્લીની બજારોમાં આમ-તેમ ચક્કર લગાવતો ધર્મપાલ એક દિવસ ચાંદની ચોકના ટાવર પાસે પહોંચી ગયો. જ્યાં મુસલમાન લોકો ઘોડાગાડી વેંચતા હતા. ધર્મપાલને વિચાર આવ્યો હું પણ એક ઘોડાગાડી ખરીદી લઉં. એનાથી દિલ્લી ની સફર પણ થશે અને થોડું ભાડું પણ કમાઈ શકીશ, તો ખાધા- ખોરાકી જેટલું મળી જશે. આમ સાડા છસો રૂપિયામાં ઘોડાગાડી ખરીદી લીધી અને શરૂ કર્યો ઘોડાગાડીમાં મુસાફરોને લઈ જવાનો વ્યવસાય. કેટલાંક વર્ષો સુધી આ વ્યવસાય કરી રસોડાનો ઉપયોગ મશાલાની દુકાન શરૂ કરી અને જાણે નસીબ ખૂલી ગયું. જેણે બનાવી દીધાં મશાલાના બાદશાહ - મહાશય.




ભારત મકવાણા લિખિત અને ચિત્રાંકન થયેલ તથા ડૉ. વિવેક આર્ય દ્વારા સંપાદિત આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ, દિલ્લી દ્વારા હિન્દીમાં પ્રકાશિત ચિત્રકથા તેમના આભાર સાથે ગુજરાતીમાં પ્રકાશિત કરવામાં આવે છે. જેનું ગુજરાતનાં બાળકો વાચન કરી પ્રેરણા મેળવશે એવી આશા છે.

- સહસંપાદક

**ગતાંકથી ચાલુ....**

## સ્વામી શ્રદ્ધાનંદ

અંગ્રેજોએ લાગુ કરેલ કાળો કાયદો (રોલેટ એક્ટ)ના વિરુદ્ધમાં સ્વામી શ્રદ્ધાનંદે તા. ૩૦ માર્ચ ૧૯૧૯ના રોજ દિલ્લીમાં આંદોલનનું નેતૃત્વ કર્યું. દિલ્લી નિવાસીઓનું વિશાળ સરઘસ ચાંદની ચોકના ટાવર પાસે પહોંચ્યું. જ્યાં અંગ્રેજ સૈનિકોએ સરઘસને આગળ વધતું અટકાવી દીધું.




આમ બોલીને સ્વામીજી એ પોતાની છાતી ખોલીને આડા ઊભા રહી ગયા. તેમની નિર્ભયતાથી પ્રભાવિત થઇને અંગ્રેજ સૈનિકોની બંદૂકો નીચે નમી ગઇ અને સરઘસ નિવિઘ્ને આગળ વધ્યું.

સ્વામી શ્રદ્ધાનંદ અત્યંત વિશાળ હૃદયના વ્યક્તિ હતા, તેઓ ભેદભાવ વિના માનવમાત્રની સેવા કરતા હતા. તેઓ એવા પહેલા વ્યક્તિ હતા કે જેઓએ પવિત્ર વેદમંત્રોનું ઉચ્ચારણ કરીને દિલ્લીની જુમા મસ્જિદ જેવી મુખ્ય મસ્જિદમાં એક વિશાળ સભામાં પ્રવચન કરવાનું સાહસ કર્યુ હતું.





સભા નિર્વિઘ્ન પૂરી થઇ, કારણકે સ્વામીજીની સેવા ભાવનાથી દિલ્લીનો મુસ્લિમ સમાજ ખૂબ પ્રભાવિત હતો.


સ્વામીજીએ દલિત્તોદ્ધાર અને ભારતીય હિન્દુ શુદ્ધિ સભા સ્થાપીને સમાજના પછાત વર્ગના લોકોને ઉપર લાવવાનો ખૂબ પ્રયાસ કર્યો. તેઓએ શુદ્ધિ કાર્ય શરૂ કર્યુ. જેથી બળજબરીથી મુસલમાન બનેલ હિન્દુઓ હિન્દુ ધર્મમાં પાછા આવવા લાગ્યાં.
भारतीय हिन्दू शुद्धि सभा
शुद्धि समारोह व दलितोद्धार सम्मेलन
સ્વામીજીના શુદ્ધિકરણના આ કાર્યથી મુસલમાનો નારાજ થઇ ગયા. મુલ્લા-મૌલવી અંને કટ્ટર મુસલમાનો તેમને મારી નાંખવાનું ષડયંત્ર રચવા લાગ્યાં.
હિન્દુઓનો આ તારણહાર ઇસ્લામને માટે ખતરો છે. આપણાં પૂર્વજોએ પોતાના પ્રભાવથી જેઓને મુસલમાન બનાવ્યાં તેમને આ વ્યક્તિ પોતાના ધર્મમાં પાછા લાવાવા ઉશ્કેરે છે.
તમે સાચુ કહો છો એ નાસ્તિકને ખતમ કરવાનો ઉપાય હું વિચારું છું.
તેઓએ ષડયંત્ર રચ્યું. અબ્દુલ રશીદ નામના એક મુસ્લિમ ગુંડાને ધર્મના સોગંદ આપીને એ ઘૃણિત કામ પાર પાડવા તૈયાર કર્યો.
ઈસ્લામના રક્ષણ માટે તારે આ કામ કરવું પડશે. અબ્દુલ રશીદ તું આ માટે તૈયાર છો ?
આપણાં ધર્મની રક્ષા માટે હું કોઇ પણ કામ કરવા તૈયાર છું. માની લો ને કે આપનું કામ થઇ ગયું.


ડિસેમ્બર ૧૯૨૬ સ્વામીજી ઉત્તર પ્રદેશની યાત્રા કરીને ન્યુમોનિયાગ્રસ્ત થઈને દિલ્લી પાછા ફર્યા અને નવા બજારના એક મકાનમાં આરામ કરવા રોકાયા.
૨૩ ડિસેમ્બરના રોજ બપોરના સમયે પેલો ગુંડો અબ્દુલ રસીદ એ મકાનની આસ-પાસ આંટા મારવા લાગ્યો.
આ જ એ મકાન છે જેમાં સ્વામીજી રોકાયા છે. હું પાણી માંગવાનું બહાનું કરી મકાનમાં પ્રવેશ કરું.
અબ્દુલ રશીદે મકાનનું બારણું ખટખટાવ્યું, અંદરથી સ્વામીજીના સેવક ધર્મસિંહે પૂછ્યું-
કોણ છે ?
પછી ધર્મસિંહે દરવાજો ખોલ્યો. આ સમયે અબ્દુલ રશીદે કાવત્રુ પાર પાડવાનું વિચાર્યુ અને બોલ્યો -
મને તરસ લાગી છે પીવા માટે પાણી મળશે ?
ઊભા રહો દરવાજો ખોલુ છું.
ધર્મસિંહ પાણી લેવા ગયો. તુરંત સ્વામીનું નિશાન લઈને રશીદે પોતાની પિસ્તોલથી સ્વામીજી ઉપર ત્રણ ગોળીએ વરસાવી દીધી.
ધાંય
ધાંય
ધાંય
હાય !


ત્રણેય ગોળીઓ વાગતા સ્વામીજી મરણને શરણ થઇ ગયા. ગુંડાએ ભાગવાની કોશિશ કરી પરંતુ ધર્મસિંહએ તેને બરાબર પકડમાં લઇ લીધો.
ઊભો રહે! નીચ, હત્યારા! સ્વામીજીને ગોળી મારવાથી તને શું મળ્યું?
ધર્મસિંહે ગુંડાને તો પકડી લીધો, પરંતુ સ્વામીજીને બચાવી ન શક્યો.
ओ३म
૨૩ ડિસેમ્બર ૧૯૨૬ ના દિવસે સ્વામી શ્રદ્ધાનંદે પોતાનું પંચભૌતિક શરીર હંમેશાને માટે છોડી દીધું.
આ બનાવના થોડા કલાક પહેલા જ વ્યાખ્યાન વાચસ્પતિ પંડિત દીનદયાલ તેમને મળવા આવ્યા હતાં. સ્વામી શ્રદ્ધાનંદે તેમને કહ્યું હતું-
હવે આ શરીર જૂનુ થઇ ગયુ છે. હવે તો પરમેશ્વરને એક જ પ્રાર્થના છે કે મને નવું શરીર મળે જેથી શુદ્ધિકરણનું અધૂરૂ કાર્ય પૂરૂ કરી શકું.
મહાત્માજી! પ્રભુ આપને લાંબુ આયુષ્ય આપે. હજુ આપે આ જ શરીર વડે ઘણાં મહત્વના કાર્યો કરવાના છે.



અને ઇશ્વરે જાણે સ્વામીજીની પ્રાર્થના સાંભળી લીધી. ૨૩ ડિસેમ્બરના રોજ સ્વામી શ્રદ્ધાનંદે પોતાનું પંચ ભૌતિક શરીર હંમેશા માટે છોડી દીધું.
ओ३म्
ओ३म्
લાલા લાજપતરાયે સ્વામીજીનાં અંતિમ સંસ્કાર વખતે ભારે હૃદયે કહ્યું હતું...
મહાત્મા શ્રદ્ધાનંદના જવાથી માત્ર આર્યસમાજ જ નહીં પરંતુ પૂરો દેશ અસહાય, અનાથ થઇ ગયો છે.
સ્વામીજીએ પોતાનો પ્રેસ, વિશાળભવન, પોતાની ભૂમિ, પોતાનું જીવન, પોતાના બે પુત્ર એટલે કે સર્વસ્વ આર્યસમાજના માટે સમર્પિત કરી દીધું. આવાં શ્રદ્ધાળું અનેત્યાગી વિરલાઓ જ હોય છે.

## ગુજરાતનું ગતિશીલ....... આર્યજગત

### આર્યસમાજ ટંકારાનો

# ૯૪મો સ્થાપના દિવસ તથા ઋષિબોધોત્સવ ઉજવાયો



આર્યસમાજ ટંકારાની સ્થાપના સ્વામી શ્રદ્ધાનંદજી દ્વારા સન્ ૧૯૨૬માં મહાશિવરાત્રિના રોજ કરવામાં આવેલ હતી. ત્યારથી આજ પર્યંત આર્યસમાજ ટંકારા પોતાનો સ્થાપના દિવસ ઉત્સાહપૂર્વક ઉજવે છે. તદ્નુસાર ૯૪ મો સ્થાપના દિવસ ગત મહાશિવરાત્રિના રોજ ઋષિ બોધોત્સવના રૂપમાં ઉજવવામાં આવ્યો. સાંજે ૫ થી ૭.૩૦ સુધી ઉજવવામાં આવેલ કાર્યક્રમમાં સર્વપ્રથમ યજ્ઞ કરવામાં આવ્યો. ત્યાર બાદ યજમાનોને આશીર્વાદ અપાયા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ સ્વામી શાંતાનંદજી સરસ્વતી, શ્રી ચૈતન્ય મુનિજી, માતા સત્યપ્રિયાજી, પં. સતપાલજી પથિક વગેરે સંન્યાસીઓ, વિદ્વાનો તેમજ સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ માનનીયશ્રી સુરેશચંદ્ર આર્ય, ઉપપ્રમુખશ્રી રણજિતસિંહ પરમાર, ટંકારા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી લઘાભાઈ પટેલ, શ્રી વાચોનિધિ આર્ય, વિવિધ આર્યસમાજોના અધિકારીગણ વગેરેનું શબ્દો અને પ્રતિક અર્પણ કરી સ્વાગત્ કરવામાં આવ્યું. ત્યાર બાદ આર્યસમાજ ટંકારાનો




ઈતિહાસ અને વર્તમાન તથા વર્તમાનમાં સંચાલિત પ્રવૃત્તિઓની જાણકારી આપવામાં આવી.

આર્યસમાજ ટંકારા દ્વારા ઘર-ઘર યજ્ઞ - હર ઘર યજ્ઞ અભિયાન ચલાવવામાં આવે છે, જે અંતર્ગત પોતાના પરિવારમાં નિયમિત (વૈદિક અથવા સાપ્તાહિક) યજ્ઞ કરવાનું વ્રત લેનારને **યાજ્ઞિક પરિવાર** જાહેર કરવામાં આવે છે, આજના દિવસે એવા નવા પરિવારોનું સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવે છે. ચાલુ વર્ષે નવા ૩૦ પરિવારો યાજ્ઞિક પરિવાર જાહેર થયા. ઉલ્લેખનીય છે કે આ અભિયાન છેલ્લા ત્રણ વર્ષથી શરૂ કરવામાં આવેલ છે. જેમાં આજ સુધીમાં ૮૦ પરિવારો નિયમિત યજ્ઞ કરતા થયાં છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના મનનીય વિચારો રજૂ કર્યા હતા અને આર્યસમાજ ટંકારાની વ્યક્તિ, પરિવાર અને સમાજ નિર્માણની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

આર્યસમાજ જૂનાગઢ દ્વારા

# વાસન્તી નવસસ્યેષ્ટિ પર્વની ઉજવણી કરાઈ

આર્યસમાજ જૂનાગઢ દ્વારા સનાતન વૈદિક રીતીથી હોલિકોત્સવ તથા વાસન્તી નવ સસ્યેષ્ટિ પર્વની ઉજવણી પંડિત રાજેશ શાસ્ત્રીના પુરોહિત્યમાં સંપન્ન કરવામાં આવેલ. યજ્ઞ પર્વને અનુરૂપ કપુર, એલચી, સાકર, જવ, તલ, ખજૂર, મખાના, ચણા, જુવાર, ઘી, વિવિધ રોગનાશક ઔષધિ, પુષ્ટિકારક મિષ્ટ પદાર્થો જેવી સામગ્રી સર્વેએ પુરી શ્રદ્ધાથી અગ્નિદેવને અર્પણ કરી. વેદમંત્રોથી વાતાવરણ ગુજાયમાન થઇ ઉઠયું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત સજ્જનોના સહયોગથી આનંદ ઉલ્લાસ સાથે અલ્પાહારની મજા સાથે કાર્યક્રમ સંપન્ન થયો.

## ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા

# મહાશિવરાત્રિ તથા ઋષિબોધોત્સવ પર્વ ઉજવાયો

ચરોતર પ્રદેશર આર્ય સમાજ - આણંદ ખાતે મહા શિવરાત્રીના દિવસે ઋષિ બોધોત્સવ પર્વની ભવ્ય ઉજવણી તા.૦૪- ૩-૨૦૧૯ ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦વાગ્યા દરમ્યાન વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી. અમૂલ્ય માનવ જન્મ ધારણ કરીને મોક્ષ મેળવવાનું એકમાત્ર લક્ષ્ય પ્રાપ્ત કરવા સાચા શિવનો બોધ ગ્રહણ કરવાના આ પાવન પ્રસંગે સમગ્ર ચરોતર વિસ્તારના સેંકડો આર્ય - બંધુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઋષિબોધોત્સવ -૨૦૧૯ પર્વનો પ્રારંભ વૈદિક સંધ્યાથી કરવામાં આવ્યો. પર્વ- યજ્ઞના બ્રહ્મા તથા યજમાનોનું સન્માન વૈદિક મંત્રોચ્ચાર સાથે તિલક અને પુષ્પહાર પેહરાવીને કરવામાં આવ્યું.

પાવન પર્વ પ્રસંગે બૃહદ્-યજ્ઞ વિધિ ધર્માચાર્ય પં.વિજયકુમાર આર્ય (સિદ્ધાતાચાર્ય) તથા પં. કનુપ્રસાદ શાસ્ત્રીના સંયુક્ત બ્રહ્મત્વમાં યોજવામાં આવી. આ વિધિમાં હાજર સૌએ ત્રિઋષિ દયાનંદના જીવન ચરિત્રમાંથી બોધપાઠ લેવાના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો. પર્વ - યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સામૂહિક યજ્ઞપ્રાર્થનાનું ગાન શ્રદ્ધાપૂર્વક કરવામાં આવ્યું.

સંસ્થાના વ્યવસ્થાપક શ્રી પં. વિજયકુમાર આર્યએ સંસ્થા તરફથી હાજર સૌ મહાનુભવોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ દર્શનયોગ મહા વિદ્યાલય -રોજડથી વિશેષ આમંત્રિત વિદ્વાન શ્રી બ્ર. દિનેશકુમારજી નું તથા વૈદિક પ્રવક્તા અને અગ્નિપથ ગાંધીનગરના તંત્રી શ્રી અરવિંદભાઇ રાણા નું વૈદિક મંત્રોચ્ચાર સાથે તિલકકરીને પુષ્પહાર પહેરાવીને સ્વાગત સંસ્થાના પ્રમુખ શ્રી જશવંતસિંહજી સોલંકી એ કર્યું હતું. ઋષિ બોધોત્સવ પર્વ પ્રસંગે બ્ર. દિનેશકુમારજીએ પોતાના વિચારો રજુ કરતા જણાવ્યું હતું કે, આપણે સૌ મનુષ્ય છીએ. મનુષ્ય એટલે મનનશીલ પ્રાણી. આ સંસારમાં સ્વતંત્રતા આપી છે. એટલે આપણે મનુષ્ય દેહ ધારણ કરીને સર્વશ્રેષ્ઠ બનવું જોઇએ. આર્ય બનવું જોઇએ. આપણે જે કાંઇ કરીએ શ્રેષ્ઠ કરીએ.વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦માર્કસ મેળવવાનું લક્ષ રાખીને ભણવું જોઇએ. આ પ્રસંગે ત્રણ મૂર્તિની વાર્તાનું ઉદાહરણ ટાંકતા જણાવ્યું કે જે વ્યક્તિ જ્ઞાન પ્રાપ્તિ કરીને તેને પોતાના મસ્તિસ્કમાં ઉતારે છે તેની કિંમત અમૂલ્ય છે.

નિબંધ સ્પર્ધા બાબતે જણાવ્યુ કે :- આણંદ આર્યસમાજે ખૂબ

સમાજોપયોગી વિષય પસંદ કર્યો તે બાબત બતાવે છે કે આર્યસમાજ આ પ્રશ્ને ખૂબ સંવેદનશીલ છે. આજથી દોઢસો વર્ષ પેહલાં જ્યારે દીકરીને દૂધ પીતી કરવામાં આવતી, દીકરીઓને ભણવામાં ન આવતી, વિધવાઓને આજીવન એકાંકી જીવન હડધૂત થઈને જીવવું પડતું ત્યારે આર્યસમાજના સંસ્થાપક શ્રી સ્વામી દયાનંદે વેદના પ્રમાણ આપીને સ્ત્રીઓના શિક્ષણ, વિધવા વિવાહ, કુરિવાજો, કુપ્રથા જેવી નારી વિરોધી કુવિચારોને નિર્મૂળ કરવા માટેનું બ્યુગલ ફૂક્યુ હતું અને સ્ત્રીઓને સમ્માન આપવા માટે આજીવન ઝઝુમ્યા હતા. દીકરી ભણશે તો સમાજ સુસંસ્કારી, શિક્ષિત અને ઉન્નત બનશે. દીકરી બચશે તો માનવસૃષ્ટિ બચશે, જેથી આપણે સૌ એ દીકરીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે ખૂબ જ જહેમત ઉઠાવવાની તાતી જરૂર છે.

શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે :- આર્યસમાજ આથી દોઢસો વર્ષ પૂર્વ જે નારી ઉત્થાન માટેની અલખ જગાવી છે તે ખરેખર પ્રશંસનીય છે. સ્વામી દયાનંદ સ્ત્રીઓના સર્વાંગીણ વિકાસના પક્ષધર રહ્યાં. આજે આર્યસમાજે દીકરી બારમાં ધોરણમાં આવે તો તેને આયુર્વેદનું જ્ઞાન મળસ તેવી ફરજિયાત વ્યવસ્થા કરવી જોઈએ. જેથી આવનારી પેઢી સ્વસ્થ પ્રસન્ન, મેધાબુધ્ધિવાળી, ઓજસ્વી, તેજસ્વી બને અને દીકરી જ આ માનવ સૃષ્ટિ ચક્રની ધરી છે.જો ધરી જ નબળી હશે તો ચક્ર ફરશે નહીં.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રીએ જણાવ્યું કે :- આપણાં વડાપ્રધાન દ્વારા જે બેટી બચાવો-બેટી પઢાઓ ની ઝુંબેશ ચાલુ કરી છે, તેને વેગવંતી કરવાની ખાસ જરૂર છે. આપણે સૌએ આ મિશનમાં તન-મન- ધનથી લાગી જવું જોઈએ.

ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા ચરોતરની વિવિધ હાઈસ્કૂલોમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામામાં આવ્યું હતુ જેનો વિષયઃ- બેટી બચાવો-બેટી ભણાવો રાખવામાં આવ્યો હતો. જેમાં ૩૧ હાઈસ્કૂલોએ ભાગ લીધો હતો.આ નિબંધ સ્પર્ધામાં હાઈસ્કૂલ દીઠ પ્રથમ ત્રણ નંબરે આવેલા ૯૩ વિદ્યાર્થી ભાઈ- બહેનોને પ્રોત્સાહીત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થી ભાઈબહેનોને સંસ્થા તરફથી ફોલ્ડર ફાઈલ, પ્રમાણપત્ર અને વૈદિક પુસ્તકોનો સેટ બ્ર. દિનેશકુમારજી, શ્રી અરવિંદભાઈ રાણા અને પ્રમુખશ્રી જશવંતસિહંજી સોલંકીના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

આર્યસમાજ આણંદ દ્વારા

# હોળી પર્વના અનેક વિધ કાર્યક્રમો યોજાયા

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે ૨૦-૩-૧૯ ને બુધવારના રોજ ફાગણી પૂર્ણિમાના આર્યોના પ્રાચીનતમ તહેવાર હોળી પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. નવસસ્ય (નવા ધાન્ય)થી વિશિષ્ટ આહુતિ અર્પીને હોલકોત્સવ પર્વ યજ્ઞ પં. વિજયકુમાર આર્ય, પં. કનુપ્રસાદ શાસ્ત્રી અને પં. લાલજીપ્રસાદ આચાર્યના સંયુક્ત બ્રહ્મત્વમાં યોજાયો. પં. વિજયકુમાર આર્યએ પ્રાચીન હોલકોત્સવ પર્વની વિશિષ્ટતા સમજાવી હાજર સૌને વૈદિક મંત્રોચ્ચારથી આહુતિ અપાવી હતી.

આ પ્રસંગે સંસ્થાના પદાધિકારીગણ, પ્રમુખશ્રી જસવંતસિહ સોલંકી, ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ પટેલ, ઉપપ્રમુખશ્રી નટવરસિંહ રાજ, સહમંત્રીશ્રી ચંદુભાઇ પરમાર, કોષાધ્યક્ષશ્રી રાજેન્દ્રસિંહ રાજ, પુસ્તકાલયાધ્યક્ષશ્રી અજીતસિંહ રાલવજી તેમજ અંતરંગ સભ્યો શ્રી દિનકરભાઇ પટેલ, શ્રી કેતનભાઇ પટેલ, શ્રી રમેશભાઇ સોઢા, શ્રી ગોરધનભાઇ આર્ય, શ્રી વિઠ્ઠલભાઇ પરમાર સહિત મોટી સંખ્યામાં શાખા આર્યસમાજના સભ્યો, આર્યમિત્રો યજમાનો સપરિવાર હાજર રહ્યા હતા.

**આર્યસમાજ મોગર, આણંદ :** આણંદ શહેરના હાર્દસમા મધ્યભાગમાં સ્થિત ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા વર્ષોથી જનસેવાના નિઃસ્વાર્થ કાર્યો અવિરતપણે કરતું આવ્યું છે. આ વર્ષે હોળી પર્વનું સાચું સ્વરૂપ સમાજમાં રજૂ કરવા તથા હોળી પર્વ દ્વારા કેવી રીતે પર્યાવરણ શુદ્ધ કરી શકાય તે સમજાવવાના શુભ આશયથી શાખા આર્યસમાજ, મોગરના સહયોગથી અને સંસ્થાના પ્રમુખશ્રી જશવંતસિંહજી સોલંકી (જશુભા)ની પ્રેરણાથી તા. ૧૯-૩-૨૦૧૯ ને મંગળવારના રોજ પં. કનુપ્રસાદ શાસ્ત્રીના બ્રહ્મત્વમાં પર્યાવરણ શુદ્ધિ વૈદિક હવનનું આયોજન મોગર પ્રાથમિક કન્યા શાળાના પ્રાંગણમાં કરવામાં આવ્યું. આ યજ્ઞમાં મોગર ગામના અગ્રણીઓ, શિક્ષકગણ, વિદ્યાર્થી ભાઇ-બહેનો તેમજ સંસ્થાના સદસ્યો મળી આશરે ૯૦૦થી વધુ વ્યક્તિઓએ હર્ષોલ્લાસપૂર્વક ભાગ લઇ આહુતિ અર્પી હતી.

આ પ્રસંગે સંસ્થા તરફથી હાજર સૌને ધાણી તથા ખજૂર પ્રસાદરૂપે પ્રમુખશ્રી જસવંતસિહ સોલંકી, સરપંચશ્રી રાજેન્દ્રસિંહ ઝાલા, કા. સભ્યશ્રી કેતનભાઇ પટેલ, શ્રી પ્રવીણભાઇ મહીડા, શ્રી રાજેન્દ્રસિંહ મહીડા (શંભુભાઇ)ના હસ્તે વહેંચવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના માનદ્મંત્રી આર્કિ. અશોકભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

**આર્યસમાજ ચિખોદરા, આણંદ** :ચરોતર પ્રદેશ આર્યસમાજ - આણંદ છેલ્લા પંચાણું વર્ષથી અવિરત આણંદ શહેરની અને ચરોતર પ્રદેશમાં અનેકવિધ રચનાત્મક, પ્રેરક અને જનોપયોગી નિઃસ્વાર્થ કાર્યો કરી રહ્યું છે.

આ વર્ષે હોળી પર્વનું સાચું મહત્વ સમજાય અને હોળી પર્વ દ્વારા પર્યાવરણ શુદ્ધ થાય છે તેવો શુભ સંદેશ સમાજમાં પ્રસરે તેવા ઉમદા હેતુથી શાખા આર્યસમાજ ચિખોદરાના સહયોગથી અનેક સંસ્થાના ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ પટેલના વિશેષ પ્રયત્નોથી ચિખોદરાની પ્રાથમિક શાળા ખાતે તા. ૧૮-૩-૨૦૧૯ ને રવિવારના રોજ પં. કનુપ્રસાદ શાસ્ત્રી અને પં. લાલજીપ્રસાદ આચાર્યના બ્રહ્મત્વમાં પર્યાવરણ શુદ્ધિ વૈદિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શાળાના વિદ્યાર્થી ભાઇ-બહેનો, શિક્ષકગણ તથા સંસ્થાના પદાધિકારીગણ મળીને આશરે ૫૦૦થી વધુ વ્યક્તિઓએ શ્રદ્ધાપૂર્વક હવનમાં આહુતિ આપી હતી.

આ પ્રસંગે સંસ્થા તરફથી દરેકને ધાણી અને ખજૂરની વહેંચણી ઉપપ્રમુખશ્રી કમલેશભાઇ પટેલ તથા સહમંત્રી શ્રી ચંદુભાઇ પરમાર, કા. સભ્ય શ્રી વિઠ્ઠલભાઇ પરમારના હસ્તે કરવામાં આવી હતી અને સૌને હોળી પર્વની શુભેચ્છા પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના પ્રધાનશ્રી જશવંતસિંહજી સોલંકીની પ્રેરણા તથા માનદ્મંત્રી આર્કિ. અશોક પટેલના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વ સંપન્ન થયો હતો.

---

## સાર્વદેશિક આર્યવીરાંગના દળનો આગામી

## રાષ્ટ્રીય વ્યક્તિત્વ વિકાસ એવં આત્મરક્ષણ શિબિર

સાર્વદેશિક આર્યવીરાંગના દળનો તત્વાધાનમાં રાષ્ટ્રીય વ્યક્તિત્વ વિકાસ એવં આત્મરક્ષણ શિબિર આગામી તા. ૩૧/૫/૨૦૧૯ થી ૯/૬-૨૦૧૯ સુધી મહર્ષિ દયાનંદ નિર્વાણ, સ્થળ : અજમેરમાં યોજાશે. શિબિરમાં કન્યાઓને શારીરિક, આત્મિક, નૈતિક, બળવૃદ્ધિ અને વૈદિક સિદ્ધાન્તો, સંસ્કારોનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

વધુ માહિતી માટે પ્રધાન સંચાલિકા સાધ્વી ઉત્તમાયતિનો ૯૬૭૨૨૨ ૮૬૮૬૩ પર સંપર્ક કરવો.

ગુજરાતમાંથી જે આર્યવીરાંગનાઓ ભાગ લેવા ઇચ્છતી હોય તેમણે રેલવે રિઝર્વેશન તુંરત કરાવી લેવું.

હસમુખ પરમાર
પ્રાંતીય સંચાલક, આર્યવીર દળ,
મો. ૯૯૭૯૩ ૩૩૩૪૮

જનસેવા સંઘ ડાકોર દ્વારા

# તીર્થયાત્રી શિબિરમાં પાંચ યજ્ઞનું આયોજન

આર્યસમાજ નડીઆદ દ્વારા તા. ૧૬-૩-૨૦૧૯ શનિવાર સાંજના ૪.૦૦ વાગ્યે ૧૯-૩-૨૦૧૯ મંગળવાર સુધી જનસેવા ડાકોર તીર્થયાત્રી સેવા - શિબિરમાં પાંચ યજ્ઞનું આયોજન કરેલ જેમાં ૧૬-૩-૨૦૧૯ શનિવાર સાંજે ૪.૦૦ થી ૬.૦૦ સુધી મહાયજ્ઞ પ્રારંભ પં. દિનેશચંદ્ર આચાર્ય આર્યસમાજ - નડિઆદનાં પુરોહિત દ્વારા સંપન્ન થયેલ. જેમાં જન સેવા સંઘ - ઓઢવના અધ્યક્ષશ્રી દ્વારિકાપ્રસાદ ડી. જયસ્વાલ, અશોક પી. મૌર્ય, રાજેન્દ્રપ્રસાદ જયસ્વાલ, શ્રી સુરેન્દ્રકુમાર મધ્યશિયા, શ્રી હનુમાનપ્રસાદ મધ્યેશિયા - સહપરિવાર સહિત તેમજ ટ્રસ્ટીગણ, સદસ્યગણો, ધાર્મિક ભાઇ-બહેનો, બાળકોએ શ્રદ્ધાપૂર્વક યજ્ઞમાં આહુતિ પ્રદાન કરેલ. આ સેવા શિબિરમાં દર વર્ષે ડાકોર તીર્થ યાત્રી માટે ચા-નાસ્તો, ઠંડા પાણી, ભોજન, દવાઓ તેમજ રાત્રિશયન માટે સુંદર વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

આ શુભ પ્રસંગે યજ્ઞમાં પુરોહિતો દ્વારા વેદ વિશે, ગૃહસ્થજીવન તેમજ માનવસેવાની વિસ્તૃત જાણકારી આપેલ, યજ્ઞો શ્રેષ્ઠતમ કર્મ-યજ્ઞ સર્વશ્રેષ્ઠ કર્મ છે. આ કાર્ય થઇ રહ્યું છે એ સેવા યજ્ઞ છે. જે લોકજાગૃતિ પ્રતિક છે. આ વર્ષે સંસ્થા દ્વારા તા. ૧૬-૩-૨૦૧૯ થી ૧૯-૩-૨૦૧૯ સુધી પાંચ મહાયજ્ઞનું આયોજન કરેલ. તા. ૧૯-૩-૨૦૧૯ના મંગળવારે સવારે ૭.૩૦ સુધી યજ્ઞ થયેલ. ત્યાર બાદ ૧૦.૩૦ થી ૧૨.૩૦ સવારે પૂર્ણાહૂતિનો કાર્યક્રમ થયેલ જેમાં ધાર્મિક ભાઇ-બહેનોએ, બાળકો પાંચસોથી છસોની સંખ્યા આ મહાયજ્ઞની પૂર્ણાહુતિ સમયે હાજર હતાં. પં. દિનેશચંદ્ર આચાર્યએ યજ્ઞમાં ઉપદેશ આપતાં જણાવેલ આ સનાતન ધર્મ જે પ્રાચીનકાળથી આપણી વેદસંસ્કૃતિ ચાલી આવી છે. આજના યુગમાં ધર્મને સાથે રાખી પરિવારમાં એકતા રાખવી, અને દૈનિક, પાક્ષિક યજ્ઞો-ગૃહસ્થીએ કરવા જોઇએ. યજ્ઞથી બધી જ કામનાઓ પૂર્ણ થાય છે. યજ્ઞનો અર્થ જ દેવપૂજા, સંગતિકરણ અને દાન થાય છે. જે આ જનસેવા સંઘ દ્વારા દર વર્ષે હોળી પર યજ્ઞ કરવામાં આવે છે. જેમાં અનેક ડાકોર તીર્થયાત્રી આ સેવાયજ્ઞમાં આહુતિ આપી ધન્યતા અનુભવે છે. વિશેષમાં જણાવ્યું કે ગૃહસ્થીઓએ વેદો તરફ પાછા વળો અને દરેક ઘરની

અંદર પરિવારમાં વૈદિક જ્ઞાન બાળકોને આપો. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ સોળસંસ્કાર અને સત્યાર્થપ્રકાશ પુસ્તક મનુષ્યનાં જીવનમાં ઉન્નતિ પ્રગતિ, સારાં સંસ્કારો ઘરમાં મળે તે હેતુથી આપણી સમક્ષ આપેલ આ બંને પુસ્તકો આર્યસમાજમાંથી પ્રાપ્ત કરી શકો છો.

૧૯-૩-૨૦૧૯ પુર્ણાહુતિમાં જનસેવા સંઘના અધ્યક્ષશ્રીએ સૌનો આભાર પ્રકટ કરેલ અને સંકલ્પ સાથે જણાવેલ. આગામી વર્ષોમાં મોટી જગ્યા લઈ. આ સેવાયજ્ઞનું કાર્ય વધારીએ તેવું જણાવેલ.

આ પ્રસંગે જનસેવાસંઘ દ્વારા પં. દિનેશચંદ્ર આચાર્યનું પુષ્પમાળાથી સ્વાગત કરેલ અને જણાવેલ આપણી સંસ્થા છેલ્લા ૨૧ વર્ષથી યજ્ઞ દ્વારા ઉપદેશ આપી આપણને વૈદિક ધર્મનું જ્ઞાન પ્રદાન કરાવે છે. આ ૨૧માં મંગલ પ્રવેશ કરી રહી છે ત્યારે અમો સૌ હર્ષની લાગણી અનુભવી રહ્યાં છીએ. આ સેવા નિરંતર બની રહે તેવી શુભકામના અને આપ સૌનો ઉત્સાહ વધે તેવી પ્રાર્થના કરીએ છીએ. આ પાંચયજ્ઞમાં ૪૦ કિલો શુદ્ધ હવનસામગ્રી, ૧૫ કિલો ગાયનું ઘી, ગુગળ, દશાંગધૂપ, સુખડની સમીધા તેમજ અન્ય સામગ્રી દ્વારા આ પાંચયજ્ઞ સંપન્ન થયેલ.

## રાજકોટ માયાણીનગર આર્યસમાજ દ્વારા
## વાસંતિ નવસસ્યેષ્ટિ પર્વ નિમિતે યજ્ઞ

રાજકોટ માયાણીનગર આર્યસમાજ દ્વારા ઋષિ પરંપરા મુજબ વાસંતિ નવસસ્યેષ્ટિ પર્વ નિમિતે યજ્ઞનું આયોજન વિસ્તારના સિદ્ધિવિનાયક ગણેશ મંદિરના પ્રાંગણમાં શનિવાર તા. ૨૦-૩-૨૦૧૯ સાંજે ૪ થી ૬ સુધી કરવામાં આવેલ હતું.

ઋતુ અનુસાર સામગ્રી દ્વારા યજ્ઞકુંડમાં પર્વના વિશિષ્ટ મંત્રોચ્ચાર સાથે યજ્ઞકુંડોમાં આહુતિ આપી, પર્વને ઉમંગથી ઉજવેલ હતો.

સમાજના પંડિત સતેન્દ્રજી તથા તોરણજી દ્વારા યજ્ઞ કરવવામાં આવ્યો, ટંકારાથી આર્ય પ્રાંતીય સભાના મંત્રીશ્રી હસમુખભાઇ પરમારે હોળી પર્વની પ્રાચીન અને વૈદિક અને પૌરાણિક માન્યતાનું સુંદર નિરૂપણ કરેલ હતું. શ્રી અમરસિંહભાઇ આર્ય દ્વારા આ આયોજિત કાર્યક્રમની સૌએ પ્રસંશા કરી હતી. મંદિર તરફથી ગાયનું શુદ્ધ ઘી તથા શિરાની પ્રસાદીનું વિતરણ કરવામાં આવેલ હતું. આભાર દર્શન પ્રમુખશ્રી રણજીતભાઇ પરમારે કરેલ કાર્યક્રમને સફળ બનાવવા નટવરસિંહ પરમાર, વિજયભાઇ બોરીચા, ગોવિંદભાઇ પટેલ વગેરે ઉત્સાહભેર કાર્ય કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન મંત્રીશ્રી પ્રવીણચંદ્ર ઠાકર દ્વારા કરવામાં આવેલ.

## આર્યસમાજ ટંકારાએ જન સહયોગથી ઉજવ્યો

# હોલિકા ઉત્સવ અને વાસંતી નવસસ્યેષ્ટિ



આર્ય પર્વોની પરંપરા પ્રાચીનકાળથી ચાલી આવે છે. પર્વો માનવ સમાજને જોડવાનું કાર્ય કરે છે. પર્વોથી જીવનમાં સરસતા આવે છે અને ઉત્સાહવર્ધન થાય છે.

હોલી ઉત્સવ પણ આવું જ પર્વ છે. જેને વાસંતી નવસસ્યેષ્ટિ યજ્ઞના રૂપમાં મનાવવામાં આવે છે.

આર્યસમાજ ટંકારા દ્વારા આ પર્વની ઉજવણી ઘણાં વર્ષોથી અલગ સ્વરૂપે કરવામાં આવે છે. જેમાં આર્યસમાજનાં સદસ્યો અને આર્યવીરો નગરમાં વિવિધ સ્થાોએ યોજાતી હોળી સ્થળે જઇને હોળી આયોજકો અને ધર્મપ્રેમી નર-નારીઓ દ્વારા ઘી, ગુગળ, કપૂર મિશ્રિત હવન સામગ્રીની આહુતિઓ અપાવવામાં આવે છે સાથે વેદમંત્રોચ્ચાર કરવામાં આવે છે. ચાલુ વર્ષે આ પ્રક્રિયા આર્ય મહિલાઓના સમૂહ દ્વારા કરવામાં આવી. આર્ય મહિલાઓ નિર્ધારિત ગણવેશમાં સજ્જ થઇ હવન સામગ્રી સાથે વિવિધ વિસ્તારોમાં જઇ અને મંત્રોચ્ચાર કરી ઉપસ્થિત ભક્તોના હસ્તે આહુતિઓ અપાવી. ટંકારા નિવાસીઓએ આર્યમહિલાઓના આ કાર્યને બિરદાવ્યું અને પ્રશંસા કરી.

આ ઉપરાંત આર્યસમાજ ટંકારા દ્વારા વાસંતી નવસસ્યેષ્ટિ યજ્ઞનું જાહેર સ્થળે આયોજન કરવામાં આવ્યું. વિશેષ યજ્ઞકુંડ બનાવી તેમાં યજ્ઞ કરવામાં આવ્યો અને જાહેર જનતાને કે જેઓ ખેતી કરે છે તેઓને રવિપાક-શિયાળું પાકમાં પેદા કરેલ નવું અનાજ ઘઉં, ચણા વગેરે સાથે લાવવા જણાવવામાં આવેલ અને તેઓના હસ્તે આહુતિઓ અપાવવામાં આવેલ. આ પ્રસંગે ઉપસ્થિત જનસમુદાયને હોલીનું વૈદિક સ્વરૂપ સમજાવવામાં આવેલ.

## આર્યવીર દળ ટંકારા દ્વારા

# શહીદ દિવસ નિમત્તે મશાલ રેલી યોજવામાં આવી



આર્યવીર દળ ટંકારા દર વર્ષે ૨૩ માર્ચ સરદાર ભગતસિંહ, સુખદેવ અને રાજયગુરુના અમર બલિદાનને યાદ કરીને શહીદ દિવસની ઉજવણી કરે છે. જેમાં ૭.૩૦ થી ૯.૩૦ સુધી મશાલ સરઘસ યોજવામાં આવે છે અને નગરના વિવિધ વિસ્તારોમાં ફરીને લોકોને આજના દિવસનું મહત્વ સમજાવવામાં આવે છે.

ચાલુ વર્ષે પણ આ કાર્યક્રમ ઉત્સાહપૂર્વક રાખવામાં આવ્યો. જેમાં બાળ અને યુવા આર્યવીરો, વીરાંગનાઓ, આર્યસમાજના સદસ્યો, આર્ય મહિલાઓ ઉત્સાહી રાષ્ટ્રપ્રેમી નગરજનોં વગેરે સેંકડોની સંખ્યામાં જોડાયા હતા. દરેકના હાથમાં સળગતી મશાલ, રાષ્ટ્ર ધ્વજ, ઓમ્ ધ્વજ, રાષ્ટ્રભાવના પ્રેરક સૂત્રોના બેનર વગેરે સાથે દેશભક્તિના ગીતો અને જયઘોષના ગુંજનથી આકાશને ભરી દેતું વાતાવરણ નવ સંચાર, નવ જોશ આપનાર હતું.

સરઘસનો પ્રારંભ મહર્ષિ દયાનંદ હાઉસિંગ સોસાયટી - હાઇવેથી કરવામાં આવ્યો ત્યાંથી આશરે ૧૫ જેટલી વિવિધ સોસાયટીઓ, વિસ્તારોમાં થઇને નગરની ગલીઓ, બજારોમાં ફરીને લોકોને દેશભક્તિના રંગેથી રંગી દઇ આર્યસમાજ મંદિરે સભાના રૂપમાં ફેરવાઇ ગઇ હતી. જ્યાં ઉપસ્થિત જનસમુદાયને આજના દિવસનું મહત્વ સમજાવવામાં આવેલ હતું. તેમજ આર્યસમાજે સ્વતંત્રતા આંદોલનમાં આપેલ યોગદાનની જાણકારી આપવામાં આવેલ હતી.

# આર્યાભિવિનય

BOOK-POST

यज्ञाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति।
दूरङ्गमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसंकल्पमस्तु ॥
यजुर्वेद० ३४.१

**વ્યાખ્યા :** હે ધર્મ્યનિરુપદ્રવ - ધાર્મિકો માટે ઉપદ્રવરહિત પરમાત્મા! આપની કૃપાથી મારું મન સદા શિવસંકલ્પ ધર્મ અને કલ્યાણકારી સંકલ્પવાળું બને. કદી પણ અધર્મકારી ન બને. તે મન કેવું છે? મનુષ્યની જાગૃત અવસ્થામાં દૂર-દૂર જનાર-આવનાર (ભટકનાર) છે. જેનો દૂરજવાનો (ભટકવાનો) સ્વભાવ જ છે, અગ્નિ, સૂર્યાદિ, શ્રોતાદિ ઇન્દ્રિયો, એ જ્યોતિ-પ્રકાશકોનું પણ જ્યોતિ પ્રકાશક છે. અર્થાત્ મન વિના કોઇ પદાર્થનો પ્રકાશ - જ્ઞાન કદી પણ થતું નથી. તે એક મહાચંચળ, વેગવાન મન આપની કૃપાથી જ સ્થિર, શુદ્ધ, ધર્માત્મા અને વિદ્યાયુક્ત બની શકે છે. દેવમ્ દેવ (આત્મા)નું મુખ્ય સાધન, ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળને જાણનારું છે. તે આપના (સર્વનિયંતાના) જ વશમાં છે. તેને આપ અમારા વશમાં યથાવત્ સારી રીતે કરો, જેથી અમે કદાપિ કુકર્મમાં ફસાઇએ નહિ અને હંમેશા વિદ્યા, ધર્મ અને આપની સેવામાં તત્પર રહીએ.એથી બીજું વ્રત અમે કદી પણ ન માનીએ. પરંતુ સશ્રિમ આપનું સદા સે... એ. એ જ અમારો પરમ નિશ્ચય છે. આપ કૃપા કરીને એ પરમ નિશ્ચયની રક્ષા કરો - પાલન કરાવો.

**RNI Registration No. GujGuj/2015/63289**
**Posted at Rajkot - HO on 6th of every Months**
**Postal Regd. No. Rajkot / 672 / 2018-2020**

प्रति,

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL